જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૮/૨૦૨૫ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૬૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૭૯૯ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ રિક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨૨ કેસ કરી, ૧૨૫ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪,૦૧,૬૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૬૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૧૬૪/૨૦૨૫**

ચાંદખેડાઃ રાજુભાઈ ભલાભાઈ દેસાઈ (રહે. ખોડીયારનગર ગુજરાત હાઉસિંગ બોર્ડ ચાંદખેડા) એ તા.૧૭/૦૮/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૮/૨૦૨૫ કલાક ૧૦/૩૦ થી કલાક ૧૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની ઓસરીમાં આવેલ મંદીરમાંથી માતાજીની મુર્તિ ઉપરથી સોનાના દાગીના કિમત રૂપિયા ૮૨,૫૫૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.એમ.આહિર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૬૫/૨૦૨૫**

રામોલઃ હાસીમઅલી અબ્દુલરસીદ (ઉ.વ.૨૨) (રહે.જનતાનગર રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૫ બપોરના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન બપોરના ૨/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ફારૂકભાઇ અબ્બાસભાઇ ચલાવે છે.

વટવાઃ વટવા ગામડી રોડ ઈલેવન–૦૪ નવી બનતી સાઈટ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા અનિલ સ/ઓ હિરાલાલ કલાસવા (ઉ.વ.૧૮) (મુળ વતન. ગામ–છાપી તા–વીછીવાડા જી–ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા સાઈટના સાતમાં માળે છતના ભાગે પ્લાસ્ટીકની પી.વી.સી.પાઈપ સાથે કાર્પેટના ટુકડા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રિયવનસિંહ ધીરજસિંહ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી